# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

******************************************************

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે "ભારત ટૅક્સી"ના સારથિઓ સાથે સંવાદ કરતાં કહ્યું - "ભારત ટૅક્સી" નો ઉદ્દેશ ચાલકોને સશક્ત બનાવવાનો છે.
2. રાષ્ટ્રપતિ ભવનમાં દેશના એકમાત્ર ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ
3. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું સરકાર સોનાના ભાવ પર નજર રાખી રહી છે
4. સર્વોચ્ચ અદાલતે દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થાય તે માટે કોલસા આધારિત તમામ ઉદ્યોગોને સ્થાનાંતરિત કરવાના પ્રસ્તાવ પર કેન્દ્રીય મંત્રાલયો પાસેથી જવાબ માગ્યો
5. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને દેશ છોડવા અપીલ કરી.
6. ICC T 20 ક્રિકેટ વિશ્વકપમાં વેસ્ટઇન્ડિઝ અને ઝિમ્બામ્બે વચ્ચે મુંબઇમાં મુકાલબો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## REV SHAH BHARAT TAXI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ગુજરાત સહિત દેશના વિવિધ "ભારત ટૅક્સી"ના સારથિઓ સાથે સંવાદ કર્યો. આજે જાહેર કરાયેલા એક વીડિયોમાં શ્રી શાહે કહ્યું, "ભારત ટૅક્સી" સહકારી સમિતિનો ઉદ્દેશ ચાલકોને તેમના કામની માલિકી આપીને તેમને સશસ્ત બનાવવાનો છે. તેમણે કહ્યું, આ પહેલનો હેતુ ખાનગી ટૅક્સી સેવા કંપનીઓ સાથે સંકળાયેલી સમસ્યાને ઘટાડવા અને લાભ ટૅક્સી-ચાલકોને પહોંચાડવાનો છે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) – BHARAT TAXI**

શ્રી શાહે કહ્યું, આ પહેલ ચાલકોના વિકાસ અને પ્રવાસીઓની સુરક્ષા માટે એક મંચ બની રહી છે. "ભારત ટૅક્સી" માં બધુ જ પારદર્શક રહેશે અને તમામ માહિતી સારથિઓને નોટિફિકેશનના માધ્યમથી અપાશે તેમ પણ તેમણે ઉંમેર્યું. સાથે જ સહકાર ટૅક્સી સેવા "ભારત ટૅક્સી" વિશ્વની સૌથી પારદર્શક ટૅક્સી સેવા બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

"ભારત ટૅક્સી"ની વિશેષ સારથિ દીદી પહેલ પર પ્રકાશ પાડતા શ્રી શાહે કહ્યું, આ સુવિધાથી મહિલાઓ પોતાની યાત્રા માટે મહિલા ચાલકોની પસંદગી કરી શકશે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) – SARTHI DIDI**

----------

## EARLY-RAJAJI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વતંત્ર ભારતના પ્રથમ અને એકમાત્ર ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ કર્યુંઅશોક મંડપ નજીક ગ્રાન્ડ . ઓપન સીડી પર સ્થિત ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાએ એડવિન લુટિયન્સની પ્‌રતિમાનું સ્થાન લીધું .

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું ચક્રવર્તી રાજગોપાલાચારીના આદર્શો પર કામ થાય એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે. રાષ્ટ્રપતિએ દેશના લોકો રાજગોપાલાચારીજીના જીવન અને વારસામાંથી પ્રેરણા લેશે અને રાષ્ટ્રની ભાવના સાથે આગળ વધશે, તેવી રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી.

**(BYTE – PRESIDENT ON RAJAJI)**

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે વસાહતી પ્રભાવથી મુક્તિની ભારતની યાત્રા એકલ ઘટના નથી, પરંતુ શાસન, કાયદો, શિક્ષણ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઓળખના ક્ષેત્રોમાં સતત પરિવર્તન છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "ગુલામીની માનસિકતામાંથી મુક્તિ"ના વિઝનને અનેક પહેલ દ્વારા સાકાર કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## PM - RAJAJI UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાજાજી ઉત્સવ એક અદ્ભુત પહેલ છે, જે રાજગોપાલાચારીના રાષ્ટ્ર પ્રત્યેના સમૃદ્ધ યોગદાનના વિવિધ પાસાઓ બહાર લાવે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ રાજાજી ઉત્સવની પ્રશંસા કરતા કહ્યું કે આ પ્રયાસ ભાગ્યને આકાર આપનારાઓનું સન્માન કરવાના અને વસાહતી માનસિકતાના અવશેષને દૂર કરવાના ભારતના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.

તેમણે નોંધ્યું કે રાજાજી એક મહાન વિદ્વાન, સ્વતંત્રતા સેનાની, વિચારક અને વહીવટકર્તા હતા. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે રાજાજીનું જીવન અખંડિતતા, બુદ્ધિ અને રાષ્ટ્ર પ્રત્યેની અટલ પ્રતિબદ્ધતાને મૂર્તિમંત કરે છે. શ્રી મોદીએ નાગરિકોને રાજાજી ઉત્સવમાં જોડાવવા અને તેમાથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . .

## SITHARAMAN PC

નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું છે કે સરકાર સોનાના ભાવ પર બારીકાઈથી  નજર રાખી રહી છે, તેમણે નોંધ્યું છે કે સોનામા પરંપરાગત રીતે તહેવારોના સમયગાળા દરમિયાન મોસમી ઉછાળો જોવા મળે છે પરંતુ તે ચોક્કસ મર્યાદાઓ વટાવતું નથી . શ્રીમતી સીતારમણે આજે નવી દિલ્હીમાં ભારતીય રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે બજેટ પછીની તેની પરંપરાગત બેઠક બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા આ

વાત કહી હતી. નાણામંત્રીએ કહ્યું કે સોનાની માંગ વધી છે, પરંતુ તે ચિંતાજનક સ્તરે પહોંચી નથી, અને કિંમતો સર્કિટ મર્યાદામાં રહી છે.

. . . . . . . . . . . . . . . . . .

## PM CONDOLENCES - MUKUL ROY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ રેલવે મંત્રી મુકુલ રોયના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે સ્વર્ગીય મુકુલ રોયને તેમના રાજકીય અનુભવ અને સમાજની સેવા કરવાના પ્રયાસો માટે યાદ કરાશે. ગૃહમંત્રી અમિત શાહે મુકુલ રોયના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે પશ્ચિમ બંગાળના રાજકારણમાં તેમના યોગદાન અને સંગઠનાત્મક કૌશલ્ય માટે તેમને યાદ કરાશે. પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા શુબેન્દુ અધિકારી, કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. સુકાંત મજુમદાર અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ મુકુલ રોયના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો. લાંબી માંદગીથી પીડાતા મુકુલ રોયનું આજે વહેલી સવારે કોલકાતામાં અવસાન થયું. તેમના પાર્થિવ દેહને આજે સવારે વિધાનસભા ભવનમાં લઈ ગયા હતા. વિધાનસભા અધ્યક્ષ બિમન બંદોપાધ્યાય અને અન્ય ધારાસભ્યોએ તેમને શ્રદ્ધાંજલિ આપી. મુકુલ રોયના પાર્થિવ દેહને

બાદમાં ઉત્તર 24 પરગણા જિલ્લાના કાંચરાપાડામાં પુકુર ખાતેના તેમના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યું.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## SANGHAVI ON RAJKOT DEMOLITION

ગુજરાતના રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં 87 હજાર ચોરસ મીટર વિસ્તારમાંથી ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજકોટ પોલીસે આ વિસ્તારમાંથી ચોરી-લૂંટના 72 આરોપી પકડાયા છે. તેમજ

કેફી પદાર્થનું વેચાણ કરતા આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

**(BYTE: HARSH SANGHAVI, DyCM)**

----------

## SUPREME COURT-AIR POLLUTION

સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થાય તે માટે કોલસા આધારિત તમામ ઉદ્યોગોને સ્થાનાંતરિત કરવાના પ્રસ્તાવ પર કેન્દ્રીય મંત્રાલયો પાસેથી જવાબ માગ્યો છે. જેથી હવાની ગુણવત્તામાં સુધારો કરી શકાય.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે કહ્યું કે તે હવા ગુણવત્તા વ્યવસ્થાપન પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોના આધારે આગામી મહિનાની 12મી તારીખે વાહનો દ્વારા થતા વાયુ પ્રદૂષણના મુદ્દાની તપાસ કરશે. સર્વોચ્ચ અદાલતે દિલ્હીના 300 કિલોમીટરના ત્રિજ્યામાં કોઈ નવા કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપિત ન કરવાના સૂચન પર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને ઉર્જા મંત્રાલય પાસેથી જવાબ માંગ્યા છે.

ખંડપીઠે 12મી માર્ચે આગામી સુનાવણી પહેલાં તમામ હિસ્સેદારોને તેમના કાર્યવાહીના અહેવાલ અને દરખાસ્ત રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનને રાષ્ટ્રીય રાજધાની

દિલ્હીમાં કોલસા આધારિત ઉદ્યોગો સહિત હિસ્સેદારો પાસેથી સૂચનો અને વાંધાઓ મંગાવતા જાહેર નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો છે. ખંડપીઠે દિલ્હી સરકારને હવા ગુણવત્તા વ્યવસ્થાપન પંચ દ્વારા ભલામણ કરાયેલા આ લાંબા ગાળાના ઉકેલોને અમલમાં મૂકવા એક ચોક્કસ કાર્ય યોજના રજૂ કરવાનો નિર્દેશ આપ્યો.

. . . . . . . . . . . . . . . . .

## INDIAN EMBASSY- IRAN ADVISORY

તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને વાણિજ્યિક વિમાન સહિત કોઈપણ પરિવહન માધ્યમનો ઉપયોગ કરીને દેશ છોડવા અપીલ કરી છે. દૂતાવાસે 14 જાન્યુઆરીની તેની સલાહને પુનરાવર્તિત કરી, જેમાં તમામ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના વ્યક્તિઓને યોગ્ય સાવધાની રાખવા જણાવાયું છે.

ઈરાન સ્થિત ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવા અને મીડિયા અહેવાલો પર નજર રાખવાની સલાહ અપાઇ છે. દૂતાવાસે ભારતીય નાગરિકોને પાસપોર્ટ અને ઓળખ કાર્ડ સહિત તેમના મુસાફરી અને ઇમિગ્રેશન દસ્તાવેજો પણ હાથવગા રાખવા અપીલ કરી છે. દૂતાવાસે હેલ્પલાઇન નંબરો પણ જારી કર્યા છે ઉપરાંત cons.tehran@mea.gov.in પર પણ સંપર્ક શકાશે.

. . . . . . . . . . . . . . . . .

## T20 WC CRICKET

ICC T20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે સુપર 8 ના ગ્રુપ 1માં વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મેચ રમાઇ રહી છે. હાલમાં મળતા અહેવાલ મુજબ વેસ્ટઈન્ડિઝે 10 ઓવરમાં 2 વિકેટે 115 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ઝિમ્બાબ્વેની ટીમ સિકંદર રાઝાની આગેવાનીમાં જ્યારે વેસ્ટ ઈન્ડિઝની ટીમ શાઈ હોપેની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરી છે. ગ્રુપ 1 નાં પોઇન્ટ ટેબલમાં હાલ વેસ્ટઇન્ડિઝ ત્રીજા અને ઝિમ્બામ્વે બીજા નંબરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## PIB – FACT CHECK

સરકારે સોશિયલ મીડિયા પરના આ અહેવાલને નકારી કાઢ્યા છે કે, નાણામંત્રી નિર્મળા સીતારમણ કોઈ રોકાણ પ્લેટફોર્મને પ્રોત્સાહન આપી રહ્યા છે.

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ-ચેકિંગ યુનિટે જણાવ્યું છે કે આ દાવા ખોટા છે અને નાણામંત્રીએ આવી કોઈ યોજનાને સમર્થન આપ્યું નથી. આ અહેવાલ A.I નો ઉપયોગ કરીને ફેલાવવામાં આવી રહ્યા છે. PIB લોકોને આવી લિંક્સ પર ક્લિક ન કરવા અને આવા પ્લેટફોર્મ પર ક્યારેય તેમની વ્યક્તિગત માહિતી શેર ન કરવા અપીલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . .

## PM- BOONG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મણિપુરી ભાષાની ફિલ્મ બૂંગની ટીમને ચિલ્ડ્રન્સ એન્ડ ફેમિલી ફિલ્મ કેટેગરીમાં પ્રતિષ્ઠિત બાફ્ટા (બ્રિટિશ એકેડેમી પુરસ્કર જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, આ પુરસ્કાર દેશમાં રહેલી અપાર સર્જનાત્મક પ્રતિભાને ઉજાગર કરે છે. ખાસ કરીને મણિપુર માટે આ આનંદની ક્ષણ છે.

. . . . . . . . . . . . . . . . . .

## MHA-PRAHAR

ગૃહ મંત્રાલયે દેશની નવી રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચના - પ્રહારનું અનાવરણ કર્યું છે. આ વ્યૂહરચના આતંકવાદના વધતા જોખમોનો સામનો કરવા એક વ્યાપક માળખું રજૂ કરે છે. જે આતંકવાદને રોકવા અને તેનો સામનો કરવા માટે સક્રિય અભિગમ અપનાવે છે.

આ તકે મંત્રાલયે જણાવ્યું હતું કે ખતરાઓનું સ્વરૂપ સતત બદલાતું રહે છે અને નવા પડકારો ઉભરી રહ્યા છે, તેમ છતાં દેશ તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો વિરોધ કરવામાં દૃઢ રહે છે. મંત્રાલયે જણાવ્યું કે, ભારત હંમેશા આતંકવાદના પીડિતોની સાથે ઉભું રહ્યું

છે અને વિશ્વમાં ક્યાંય પણ હિંસા માટે કોઈ વાજબીપણું ન હોઈ શકે તે માન્યતામાં અડગ રહે છે.

. . . . . . . . . . . . . . . . . .